# આરસી
# AARSI

વર્ષ-૫
અંક-૫
Year 2009-2010

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

ગુજરાત ઝલક-ઝાંખી-૨

**A MIRROR OF THIS COLLEGE**




**S.L.U.Arts and H. & P. Thakore Commerce College for Women**
NAAC Accredited 'B'
(Managed by : Gujarat Stree Kelavani Mandal)
Nr. Ellisbridge Post Office, Ellisbridge, Ahmedabad-380 006
Tele-fax : +91-79-2657 6197
Website : slucollege.org; E-mail : slu_college@yahoo.com

# આચાર્યની કલમે...

ગુજરાત જ્યારે સ્વર્ણિમ વર્ષ ઉજવી રહ્યું છે ત્યારે ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર, પરંપરાઓ, વારસો અને સાથોસાથ ગુજરાતની બદલાતી તાસીર તથા સમાજના બદલાતા પ્રવાહોની ઝાંખી અમારી 'આરસી' આપે છે. નવા



સમય મુજબ શૈક્ષણિક સંસ્થાઓએ પણ પોતાની કામગીરી અને સ્વરૂપ બદલવું જ પડે છે. પડકારોને ઝીલીને તેમાંથી નવા માર્ગ અપનાવવા પડે છે. વિદ્યાર્થિનીઓની માંગને ધ્યાનમાં લઈને આર્ટ્સ - કૉમર્સ ડિગ્રીઓ સાથે કંઈ વિશેષ પ્રાપ્ત થઈ શકે એવી વ્યવસ્થા કૉલેજ કરે છે. વિદ્યાર્થિનીઓના જીવન ઘડતરને ઉપયોગી બની શકે તે સર્વે પાસાઓ આવરી લેવાનો પ્રયત્ન આ કૉલેજ સતત કર્યા કરે છે. તેઓની શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક, સેવાકીય, શારીરિક, માનસિક, ટેક્નિકલ, સર્જનાત્મક શક્તિઓ વિકસાવવાની તક આપવામાં આવે છે. વર્તમાન સમયને અનુરૂપ અંગ્રેજી માધ્યમ, હ્યુમન રિસોર્સ ઍન્ડ પર્સનલ મૅનેજમેન્ટ, હોસ્પિટલ ન્યુટ્રીશન ઍન્ડ ડાયટેટિકસના સર્ટીફિકેટ તથા ડિપ્લોમા કોર્સિસને સારો પ્રતિસાદ મળ્યો છે. ગ્લોબલાઈઝેશન, વૈશ્વિક હરીફાઈ, પશ્ચિમનું અનુકરણ અને નવા આયામો તો છે જ પરંતુ સામાન્ય માનવી અને સ્થાનિક પરિસ્થિતિને પણ પૂરેપૂરા પરિપ્રેક્ષ્યમાં રાખીને, કૉલેજની બહેનો દ્વારા સમાજને જરૂરી અને ઉપયોગી ભાથું મળતું રહે તેવા અથાગ પ્રયત્નો હું અને મારા સાથી કાર્યકરો કરતા રહીએ છીએ. આશા છે કે અમારા આ પ્રયત્નોનું પ્રતિબિંબ પણ '**આરસી**'માં જોવા મળશે જ.

**સિરાલી નિ. મહેતા**




▲ ગુજરાત યુનિવર્સિટીના સ્થાપના દિન, હીરક મહોત્સવ તથા સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત મેરેથોન દોડમાં સહભાગી એસ.એલ.યુ. પરિવારજનો




▲ ડૉ. નીરા દેસાઈના જન્મદિન નિમિત્તે સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત રાજ્યકક્ષાના સેમિનાર તથા આંતરયુનિવર્સિટી ક્વિઝના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી, કા. કુલસચિવશ્રી મિનેષ શાહ, શ્રી વસુબહેન, ડૉ. ચંદ્રિકા રાવલ, પ્રિ. ડૉ. સિરાલી મહેતા તથા વિભાગીય અધ્યાપકો